નમસ્કાર ગાંધીનગર

પમરાટ

હસતું મોઢું રાખ બરાબર,
અણગમતાંને ઢાંક બરાબર.
અપનાવ્યો સંસાર હરખથી,
સાચવ એની સાખ બરાબર.
અંદર બાહર આથડવામાં
ઉંબર પર લે થાક બરાબર.
જોખમ ચારેકોર, વચાળે -
સાચવવાનું નાક બરાબર.
હાર-જીત ના સમયપત્રકે,
જે આવે તે લાખ બરાબર.
કોઈ ન દે સિરપાવ ભલે ને
લક્ષ્ય ઉપર દે આંખ બરાબર.

- જુગલકિશોર

પાથેય

સંસારની સાખ સાચવવાનો હરખ...

- રમેશ ઠક્કર

ગુજરાતીમાં કહેવત છે કે "રોતો જાય એ મુવાના ખબર લાવે !" એટલે કે જે માણસ શરૂઆતથી જ પારોઠનાં પગલાં ભરતો હોય એ હંમેશા નિષ્ફળતાને જ ગળે લગાડતો રહે છે. જીવનમાં શીખવા જેવું હોય તો એ છે કે પોતાના ચહેરા પર હંમેશાં સ્મિત રાખવું.આમ જોઈએ તો આ કોઈ મોટી વાત નથી.માણસો જગતમાં આવતા રહે છે.સુખ અને દુ:ખની પ્રક્રિયા તો અનિવાર્યપણે એને સહેવી પડે છે.કોઈને પણ સીધાં ચઢાણ મળતાં નથી.એવો કોઈ માણસ નહીં હોય જેને સહન? ના કર્યું હોય.જગતના સૌથી શ્રેષ્ઠ કે સફળતમ લોકો..એમની જિંદગીમાં જો ડોકિયું કરીએ તો સમજાય છે કે એમને પણ પારાવાર મુસીબતો અને પડકારોનો સામનો કરેલો હોય છે.કહેવાય છે કે "સિદ્ધિ એને જ વરતી હોય છે જે પરસેવાથી નહાતો હોય.કોઈ પણ ઘટના સામે ઝઝૂમવા જો મહત્વની બાબતો હોય તે માણસનો અભિગમ છે.જે માણસ હંમેશાં ખુશહાલ ચહેરા સાથે મુસીબતો સામે મલકાતો હોય છે એ જ મુસીબતો માટેનું મારણ બની જતું હોય છે.ઘણીવાર તો મુશ્કેલીઓ સામે "જો ડર ગયા વો મર ગયા." એવો જ સિદ્ધાંત ચાલતો હોય છે.કવિ આપણને એક જ લીટીમાં મુસીબતો સામે ટકવાનું ભાથું આપી જાય છે.. જગતમાં જે કંઈ અણગમતું છે એને હસતા મોઢે છુપાવી ચહેરા પર એનો અણસાર પણ ન આવવા દેવો એ કંઈ નાની સુની બાબત નથી! જીવવા માટે આપણે જે કંઈ કરીએ છીએ એ આપણી શરતોથી કરતા હોઈએ છીએ.આખરે માણસ એટલે શું ? એ અને એના સંજોગો. એને વારસામાં મળેલી અનુકૂળતાઓ કે પ્રતિકૂળતાઓ.આ સ્વીકારી લેવાનું હોય છે.જો તમે નથી સ્વીકારતા તો મુસીબતોને સફળ થવા માટે જાણે આમંત્રણ આપો છો ! પડકારો એ જ જીવન હોય તો માણસે એ રીતે જ પોતાનું ઘડતર કરવું જોઈએ..સંસારને જો આપણે પોતાનો ગણી સ્વીકાર્યો હોય તો એની સાખ સાચવવી એ પણ માણસની જ જવાબદારી બનતી હોય છે.જે જે ઉપાધિયોગ મળતો જાય એને સમાધિ મયોગમાં પલટાવવાની કળા માણસે શીખી લેવી પડે છે.આમ જોઈએ તો આ કોઈ સાધારણ બાબત નથી,જે બધાને માફક આવે.કવિ એનો પણ ઉપાય આપણને આપે છે.પોતાની ભીતર અને બહાર એટલે જગતમાં એમ બંને રીતે જે આપણી જીવવા માટેની લડાઈ ચાલતી હોય છેએમાં ક્યારેક થોડોક વિરામ કે ક્યાંક થાક ખાઈ લેવાની તૈયારી રાખવી પડે.એ માટે ઉંબર ઉપર થાક ખાવાની એ સલાહ આપે છે!એટલે કે નહીં ભીતર નહીં બહાર પરંતુ એ બંનેની વચ્ચે ક્યાંક માણસે એક એવું સ્થળ શોધવાનું હોય છે કે જ્યાં નિરાંતે પોતાનું માથું રાખી એ જીવનસફરનો થાક ઉતારી શકે. સત્ય એ છે કે જીવીએ છીએ તો ચારેકોર નર્યાં જોખમ જ છે ! પૂરપાટ ઝડપે દોડતી કાર જેમ અનેક અડચણો સામે સતત સજાગ રાખે છે,એમ જીવનમાં આપણે સતત જાગૃત રહેવું પડે છે.જીવનને જો પડકાર માન્યો હોય તો એને ઉજાળવાનું કામ પણ આપણું છે.એવી ખુમારી હોય તો જ આપણે આગળ વધી શકીએ છીએ.ચારે તરફ થકવી નાખે એવી પરિસ્થિતિમાં પણ પોતાનું નાક સાચવી રાખો એટલે કે જીવન માટેની વફાદારીને ટકાવી રાખવી એ આપણું લક્ષ્ય હોય તો જ સાચો જીવન અભિગમ પ્રગટતો હોય છે.એમાં હાર કે જીતના કાટલાં ચાલતાં નથી.જીવનની ઘટનાઓ ના સમજીએ તો થાપ થઈ જવાય છે.સાચું જીવન તો એ જ છે કે 'જો મિલ ગયા ઉસી કો મુકદ્દર સમઝ લિયા."જે મળ્યું એ લાખ બરાબર.આવો સંતોષ રાખીએ તો જ આપણે જીવનને સારી રીતે અનુભવી શકીએ છીએ. આપણી મુસીબતો એ પોતાની છે.એ માટે કોઈને જવાબદાર ન ગણીએ એ સમજણ છે.એ જ રીતે આપણી સફળતા માટે પણ આપણી જ ભૂમિકા મહત્વની હોય છે..કોઈ આપણને બિરદાવે કે ના બિરદાવે. શિરપાવ આપે કે ના આપે આપણી નજર ફક્ત લક્ષ્ય તરફ હોય એ જરૂરી છે.

" રસ્તો ઓળંગી અવર જવર કરીએ દેશ વિદેશ ને રસ્તો પૂછી બેસે મામાનું ઘર કેટલે? એમ પણ બને"

વેકેશન એટલે રજા માત્ર. એક આઝાદી.. પણ આપણા જમાનામાં આ હતું સાચુ. આજના જમાનામાં વેકેશન એટલે એક્સ્ટ્રા ક્લાસ, મ્યુઝિક, સ્વિમિંગ, સ્કેટિંગ , ડ્રોઈંગ અને ઘણું બધું.

અને હા વેકેશન એટલે કોઈ રિસોર્ટ, કે કોઈ ટ્રીપ પણ ખરી.

પણ એ વેકેશન કેવું મજાનું હતું જ્યાં ખરેખર વેકેશન માણી શકતાં હતા આપણે.

લીમડાનાં છાયડા વાળું આંગણું , માટલાં ગુલ્ફીનો સ્વાદ, કોડીઓની ગુંજ, પત્તાની બાટ અને કેરીના રસ સાથે ગોટલા ચૂસવાનો આનંદ.... અને ટાયરના હીંચકા, એ ભાડાની સાયકલ લઈ ફેરવતાં.

ઓટલે ક્રિકેટની મેચમાં કેચ પકડ્યાની ખુશી તો લખોટીને મારવાની કળા અને ભમરડાં ની હાથમાં ફેરવવાની મજા.

અને પરીક્ષા પતે એટલે પૂછી લેતાં કે મામાનું ઘર કેટલે?

આજના યુગમાં તો આ મામા, ભાણેજ અને વેકેશન માણવાની પરિભાષા જાણે લુપ્ત થઈ ગઈ છે. ત્યારે તો બસ કે ટ્રેનમાં સફર કરી મામા ને ત્યાં જતાં આજે પોતાની કાર હોવાં છતાં એ રસ્તો માઈલો દૂર છે.

ભલે વેકેશનમાં કોઈ મોંઘી રિસોર્ટમાં જઈએ પણ મામાના ઘર જેવી આગતાં સ્વાગતા થોડી મળે. જીભ પર વેકેશન શબ્દ આવતાની સાથે જ મમ્મીઓ પણ પરિવારના બાળકો સાથે આનંદથી કૂદકો લગાવતી હતી,અને અત્યારે મામાના ઘરની જગ્યાએ એ એક્ટિવા લઈને એક્સ્ટ્રા ક્લાસમાં લેવાં મૂકવા જઈ રહી છે. વેકેશન એટલે મનોરંજન નહિ કે મનોમંથન બીજી પ્રવુતિઓનું. વેકેશનએ એક ટોનિક છે જે આપણાં શરીર અને મનને નવી તાજગી અને જોમથી ભરે છે. દોડભાગ ભરી જિંદગી માં વ્યવસાય અને ભણતરમાંથી અમુક દિવસની મુકિતમાં પરિવાર સાથે વેકેશનની મજા કંઈક અલગ જ હોય છે.

એમ પણ બને !

પારૂલ અમિત

પરિવારના સભ્યો, મિત્રો સાથે એકાદ બે દીવસ પીકનીક માટે રાખીએ અને ઘરે થી બનાવેલો નાસ્તો, શેતરંજી, ફૂટબોલ, ફ્રીસબી, અને દડોબેટ રમીને બાળકોને એમનું બાળપણ આપીએ અને અહેસાસ કરાવીએ કે કેન્ડી ક્રશ કે બીજી ઓનલાઈન ગેમના લેવલ પાર કરવા કરતાં આ રમતમાં બમણી ખુશીઓ મળશે. બાળકો સાથે બાળક બની જવાનું અને મિત્રો સાથે અંતાક્ષરી ની મજા. પાછું પકડદાવ અને આંધળી ખિસકોલી.. કેટલી મજા.. કુદરત સાથે સમય વિતાવવો એટલે પોતાના માટે સમય વિતાવવો.

સ્વ સાથે કુદરતની મજા માણવી અનેરી છે. વેકેશન એટલે પરીવાર સાથે કુદરતની નિકટ જવાનું એક બહાનું. કેટલું અજીબ કહેવાય નહીં કુદરત પાસે જવા એને નિહાળવા, અનુભવવા પીકનીક કે પ્રવાસનું આયોજન કરવું પડે. પ્રસિદ્ધિ, પૈસો, સ્ટેટ્સ,લગ્ઝીરિસ લાઈફ સ્ટાઈલ જે આનંદ નહીં આપી શકે એ આનંદ અને શાંતિએ મામાનું આંગણું આપશે.

પ્રકૃતિની નજીક રહેવાથી મનનાં તરંગોને સહજ રીતે જ કુદરતી ઉર્જા, તાજગી, સકારાત્મક અભિગમ અને સ્ફૂર્તિ મળી રહે છે. પરિવારની નિકટ રહેવાથી આપણી સ્વસ્થતા અને જિંદગીમાં ઉત્સાહ વધે છે. દોડભાગ કરીને શું મળશે..?સમજણ પૂર્વક આપણે એકમત થઈ જઈએ, જિંદગીના વર્ષો ઓછા છે, ચાલ એક એક ક્ષણ પ્રેમથી જીવી લઈએ. મૃત્યુ પછી શરીરનું શું થાય છે એ આપણે સૌ જાણીએ છીએ. સ્મશાનમાં ગયા પછી બે મિનિટમાં અનેક પ્રશ્નોની વણઝારનો કાફલો આવી ચડે છે અને આપણને સ્વજનના ગયા પછી અહેસાસ થાય છે કે જીવન આખરે શું હતું?

કેવું જીવ્યા એ માણસ અને આપણે વિચારતા થઈ જઈએ છીએ કે જીવન આખરે શું છે, એ સત્ય છે કે આપણે તરત જ રૂટિન પરિસ્થિતિમાં આવી જતા હોઈએ છીએ પરંતુ એક ગહન વિચાર તો મનમાં પ્રશ્નો છોડીને જાય છે. શું આપણે એવું જીવ્યા છીએ કે મૃત્યુ આવે અને આપણે બોલી ઉઠીએ કે " હેય યસ આઈ એમ રેડી ચલ !

અદભુત જીયે હે હમ યહાં જી ભર કે તું ભી બોલ ઉઠેગા વાહ ક્યાં જિંદગી થી".

આપણે જીવન અને મૃત્યુની સફર વચ્ચે પ્રશ્નો અને પંચાત જ મૂકીએ છીએ. એ સફરમાં બીજા લોકો જ હોય છે, આપણે પોતે હોતા જ નથી. એનાં કરતાં ચાલો. વેકેશન ગાળવા ઉપડી જઈએ સ્વજન જોડે.

સાચું વેકેશન લઈ લેજો અમુક ખોટા વિચારો અને રિવાજોમાંથી.

હું મારી જીવી લેવાની કળા વિશે વાત કરું તો હું કોઈ પરિસ્થિતિથી ઉદાસ રહી શકું પણ એને ઉદાસીનું કારણ કે ધિક્કારનું કારણ સમજી મારાં વિચારોને નકારાત્મકતામાં લઈ જઈ ચિંતામાં વધારો ના જ કરી શકું.

હું દ્રઢ પણે માનું છું કે હું જીવું છું.

હા, હું જિંદગીને જરાં પણ સિરિયસલી લેવામાં માનતી નથી. અને આજ મારાં આનંદ અને સુખનું કારણ છે. મને મિત્રોમાં વીંટળાઈને રહેવું ગમે છે, મને એમના થકી અવગુણને ઓળખવા અને ઓળંગવા ગમે છે.

મને કુદરતને માણવી ગમે છે.

મારી એકલતાના ખડકોમાં મિત્રો રૂપી સાગરની લહેરો અથડાય એ અથડામણ વાળી જિંદગી મને ગમે છે.

મને એ સ્પર્શ, એ હૂંફ ગમે છે જેમાં હું આખેઆખી નીચોવાઈ જાઉં.

કોણ શું કહેશે, શું વિચારશે એની મથામણ મારાં સંસ્કાર, મારાં વિચારોમાં નથી.

તમે આ વાંચી રહ્યાં હશો ત્યારે મારા બાળકો મામા સાથે રમી રહ્યાં હશે.

અને સાચી ખુશી ઉજવાઈ રહી હશે.

હું એ દ્રઢ પણે માનું છુ કે આપણે પૃથ્વી ગ્રહ પર જીવન માણવા આવ્યા છીએ નહીં કે એને બચાવવા કે ટકાવવા, પણ આપણે એજ કરતા આવ્યા છીએ.

રસ્તામાં દોડવાનું મન થતા આપણે દોડતા નથી.. કોઈ શું કહેશે કેવું લાગશે એ જ વિચારે. ચાલો ને કોઈ બગીચામાં ઘાસ જોઈને આળોટવાનું મન થાય તો આળોટી લઈએ, ગુલ્ફી ઓગળે અને એનો રેલો આંગળી અને હાથ સુધી પહોંચે અને એને ચાટવાનું મન થાય કે સોફામાં કૂદવાનું મન થાય તો કરી જોઈએ.. આજ મજા છે જીવનની.... નથી ગોઠવાવવું નિત્યક્રમમાં, આજથી રજા છે નિયમોમાં એમ માની ખળખળ વહેવું છે અંદર બાળકને બહાર ખેંચી લાવીને. મારે મારાજ વિચારોની હારમાળા રચવી છે, બીજાના વિચારો ને મારામાં થોપી નથી દેવા. નાની નાની વાતે સેન્સ ઓફ હ્યુમર બતાવી હસાવવા સૌ ને અને હસવું છે મારે મન મૂકી ને.

તું તમારે પણ આમ કરવું છે તો કરી જોવો ને.. પોતાના માટે બે શબ્દો પ્યારના કહી જોવો ને, અરીસા સામે ઉભા રહી ખુદ ને પ્રોપોઝ કરી જોવો ને, કેટલી સુંદર જિંદગી છે એને ભેટી જોવો ને... આસપાસના વાતાવરણ, આસપાસના સંબધોને મહેકાવી જુવો ને.

હાથ પગ કામ કરવાનું બંધ કરી દે, એ પહેલાં

આનંદના પુરા લહેકા સાથે ઝૂમી ઉઠીએ અને તીણો, ફરિયાદ કરતો, ડોકાતા રડમસ અવાજને ખુશીઓમાં ફેરવી દઈએ.

રોજ સવારે અજવાસ આપે છે સૂર્યનું કિરણ શા માટે? શા માટે આપણી બારી બંધ હોય છે છતાં અંદર સુધી આપણા સુધી પહોંચીને રહે છે. શા માટે પક્ષીઓના ટહુકા આપણા સુધી પહોંચે છે, એ ઝાકળભીના ફૂલ શા માટે ડોલી ઉઠે છે.

માત્ર એટલું જ કહેવા આજ જીવન છે ખુબસુરત માણી લો આટલો સંદેશ આપવા જ. ઝૂલામાં જિંદગીને સાથે બેસાડી ઝૂલી લો, એ સહેજ ધીમો પડે તો પગની એડીથી હલાવી દો, નક્કી આવી ચડશે ખુશીઓ આસપાસ માણસને ચાહવા.

હા ખુદ ને ચાહતા માણસને ચાહવા.

- parulamit198@gmail.com
7201001482

"જ્યારે જાગૃતિ ઘટે ત્યારે વાતો વધે છે" : ઝેન કહેવત

એવું કહેવાય છે કે લખવાની ઉંમર નથી હોતી, પણ લેખકની તો હોય છે. સમયની કઈ ઘટના વ્યક્તિને અંદરથી ભીનો કરે છે, એ વિષે કોઈ ચોક્કસ દાવો ન કરે શકે, પણ છતાં જીવનમાં એક પડાવ આવે છે, જ્યાં વ્યક્તિ આંતરિક વિચારોને છેટો રહી એને જોઈ શકવાની સ્થિત પર પહોંચે છે અને ત્યાંથી એની સમયના વહેણમાંથી થોડીકવાર માટે છટકવાની શક્તિ મળે છે.

કોઈ લેખકનું જયારે ભાવ ડિસેક્શન કરીએ ત્યારે સૌથી પહેલી વાત જો કોઈ હોય તો એ છે ખુમારી. એટલે જ જયારે કલમમાં ખુમારી અને મોજની ભરતી ઉમટે ત્યારે કંઈક ગેબી ક્ષણોમાં અક્ષરો મનની અયોધ્યાને છોડીને કાગળનો વનવાસ સ્વીકારે છે. લખવું એટલે જ વિરોધાભાસોના પ્રવાહોને ઝીલવાનું કામ છે. ઘણા જીવવા માટે લખે છે અને થોડાક માટે લખવું એ જ જીવન છે. સામાન્ય માણસના હાથમાં આત્મશ્રદ્ધાનો સ્પર્શ થાય ને એને વીજળીના ચમકારાનો સંગાથ મળે ત્યારે કોઈ ઉત્તમ કવિતા કે પાત્રનો જન્મ થાય છે. જેમ સારા માણસો જલદી જીવી નાંખે છે, એમ જ સામાન્ય માણસ દ્વારા અસામાન્ય લખાઈ જાય છે. લેખકની આ જ ઉંચાઈ છે કે એને અસામાન્ય ઝીલતા આવડે છે, મમળાવતા અને ઉતારતા આવડે છે. તરસની કલમ જયારે પીડાના પથ્થર પર બરોબર ઘસાય ત્યારે શબ્દોના ચકમક ઝરે છે. લેખકના શબ્દ-પ્રસવની શક્તિ ઓછી નથી, એટલે જ તો એનાથી તાનશાહો સદીયોથી ભયગ્રસ્ત રહ્યા છે.

થોટ પીચ પર નો બોલ

ડો. ધર્માંશુ વૈદ્ય

એકવાર જયોર્જ ઓરવેલને પૂછવામાં આવ્યું કે લેખકની જરૂર 'પુલીસ સ્ટેટ' એટલે કે નજરબંધ સમાજમાં કેમ નથી હોતી? ઓરવેલનો જવાબ એ સમયે કઈંક આવો હતો- "Becuase a writer can foresee." આ જવાબ આજે પણ એટલો જ પ્રસ્તુત છે. લેખક દૂર જોઈ શકે છે. જે નથી થયું તે પણ અને જે થવાનું છે તે પણ. એવા રાજ્યમાં પછી મુર્ખોને જ્ઞાનપતિ જાહેર કરવાની પરંપરા શરૂ થાય છે અને ત્યાંથી કલમધર્મને દેશવટો મળે છે. પછી લાઇબ્રેરી સ્મશાનવત બને છે અને રૂઢીઓનો પવન નવાચારની સીમમાં ઘર કરી જાય છે. એક કવિના મૌનનું આક્રંદ ભલભલી બર્ફીલી જડતાને પીગાળી નાંખે છે. એટલે જ જડતાને કવિના કૃતિત્વ સાથે સદિયો જૂનું વેર છે.

ગ્રિસ દેશમાં પહેલાના સમયમાં કોઈ રાજાની વિરુદ્ધ લખે એને ઘણું ભોગવવું પડતું એટલે એમાંથી પછી કવિઓ કાવ્ય તરફ વળ્યાં કેમ કે કવિતામાં સચ્ચાઈ બયા કરવાની ઘણી મોકળાશ રહે છે. હવે સમય બદલાયો છે કેમ કે માધ્યમની વ્યાપકતા વધવાના લીધે અભિવ્યક્તિને ઘણો અવકાશ મળી રહે છે. છતાં, લેખક માટે જોખમ ઘટ્યું નથી. તસ્લીમા નસરિન જેવી લેખિકાની પુસ્તક જયારે પશ્ચિમ બંગાળમાં પ્રતિબંધિત થાય કે પછી સલમાન રશ્દી જેવા લેખકને પોતાના કૃતિધર્મ બદલ દેહાંત દંડ મળે ત્યારે સમજાય છે કે લખવાનું કામ એટલું સરળ નથી. કેમ કે લખવું એટલે એક જાત છોડી બીજી જાતમાં ઊગવું. ઊગી એ જ શકે જે નૂતન વિચારોની ભરતીને જીરવી અને વધાવી શકે. જે કવિઓ આ ધર્મ નિભાવી શક્યા છે, એમનો કૃતિદેહ શાશ્વતપણુ પામ્યો છે. આખર લખવાની ઉંમર નઈ પણ ક્ષણો હોય છે, જે ઉપરથી ઊતરીને ભીતરમાં ભળે છે અને પછી એનું શબ્દોમાં ફકીરીભાવે ભાષાંતર કરવું એ જ કવિનો કૃતિધર્મ. જે આ ચૂકે તેના માટે જીવવું સરળ અને જે બજાવે એના કવનમાં અલખ!

પી.એસ. :

"જ્યારે જાગૃતિ ઘટે ત્યારે વાતો વધે છે." : ઝેન કહેવત

harmanshuvaidya88@gmail.com

ગ્રહોના સેનાપતિનું રત્ન પરવાળુ

પરવાળું (Coral) - મંગળના રત્ન તરીકે પરવાળુ જાણીતું છે.અંકશાસ્ત્રમાં તેનો નંબર ૯ છે. મંગળગ્રહ સાહસ, ક્રોધ, વીરતા, ભૂમિ, મકાન, ભાઈ-બહેન, હાઈ બ્લડ પ્રેસર, ડોક્ટર, પોલીસ, સેના, અચલ સંપત્તિ, નો કારક ગ્રહ છે.પરવાળું લાલ ચમકદાર લીસુ અને ચીકણો પદાર્થ છે. પરવાળુ ત્રિકોણ આકાર અને કેપ્સુલ આકારમાં મળી આવે છે, જે રત્ન તરીકે ધારણ કરવામાં ઉપયોગ કરી શકાય છે. કુદરતી રીતે તે સિંદૂરિયા લાલ રંગનું હોય છે. આ એક જૈવિક પદાર્થ છે જે અપારદર્શક છે. સમુદ્રમાં પરવાળા ની રચનાઓ માંથી પ્રાપ્ત થાય છે. પરવાળા માં કેમીકલ બંધારણ રૂપે કેલ્શિયમ કાર્બોનેટ (CaCo3) છે. આ રત્ન સમુદ્રની ઊંડાઈએ વનસ્પતિના રૂપ માં મળી આવે છે.ખોટા નંગ કાચ,માટી અને પ્લાસ્ટિકમાંથી પણ બનાવવામાં આવે છે જે સિન્થેટિક હોય છે. મંગળના સાચા નંગ ઉપર પાણીનું ટીપું મૂકવામાં આવે તો તે ફેલાતું નથી અને એ જ આકારમાં રહે છે. મંગળના નંગ સાથે નીલમ, હીરો, પન્ના ,ગોમેદ અને લસણીયુ પહેરી શકાતું નથી. મંગળના મિત્ર ગ્રહોના રત્ન પરવાળા સાથે પહેરી શકાય છે. પુરુષો માટે ત્રિકોણ મંગળ રત્ન હોય તો ટોચનો ભાગ શરીર બાજુ અને સ્ત્રી માટે ત્રિકોણની ટોચનો ભાગ બહાર ની બાજુ હોવો જોઈએ. આ મુજબ જાતકને નંગ વીંટીમાં પહેરવાથી શુભ ફળ મળે છે. મંગળનું રત્ન મંગળ દોષ સંબંધીત દોષો દૂર કરવા માટે મદદરૂપ થાય છે.લગ્ન ના નિર્ણય વખતે મંગળ ગ્રહ ને અતિ મહત્વ આપવામાં આવે છે.જન્મપત્રિકા માં લગ્ન થી લગ્નમાં,ચોથે ,સાતમે,આઠમે,અને બારમે મંગળગ્રહ હોય તો પરવાળું પહેરવાનું સુચન કરવામાં આવે છે. જ્યોતિષીય વિશ્લેષણ કરાવ્યા બાદ મંગળનું રત્ન ધારણ કરવામાં આવે છે. મંગળનું રત્ન ધારણ કરવાથી લોહી સાફ થાય અને લોહીમાં વૃધ્ધિ થાય છે ભય કે ડર રહેતો નથી. મેષ અને વૃશ્ચિક લગ્ન તેમજ વૃશ્ચિક અને મેષ રાશિના જાતકો માટે મંગળ નું પરવાળું રત્ન લાભદાયી છે. રાસાયણિક સંરચનામો પરવાળામાં કેલ્શિયમ કાર્બોનેટ નું જ સ્વરૂપ હોય છે. જે મોતીમાં પણ જોવા મળે છે. પરવાળામાં દેવીય શક્તિ હોય તેવી એક માન્યતા છે. પરવાળું લાલ સિંદુરી રંગ અને સફેદ રંગમાં ઉપલબ્ધ હોય છે. આ એક જૈવિક રચના સમુદ્રમાંથી મળી આવે છે. લાલ ઓનેક્સ અને લાલ હકીક તેના ઉપરત્નો છે. જેની જન્મકુંડળીમાં મેષ, સિંહ ,વૃશ્ચિક ,ધન અને મકર લગ્ન હોય કે તે રાશિનો ચંદ્ર હોય તો પરવાળું પહેરવું ફાયદાકારક છે. આ સિવાય મંગળથી બનતા ખરાબ દોષોમાં અને પાપગ્રહના સંપર્કથી બનતા દોષોમાં પણ પરવાળું ઉપયોગી નીવડે છે. મંગળની જન્મકુંડળીમાં ખરાબ સ્થિતિમાં પણ પરવાળું ઉપયોગી નીવડે છે. મંગળનું રત્ન મંગળવારના દિવસે શુભ નક્ષત્ર અને શુભ ચોઘડિયામાં સવારમાં ધારણ કરવામાં આવે છે. મંગળના જાપ કરવા જોઈએ અને વિધિ વિધાન થી પહેરવામાં આવતું રત્ન ખૂબ જ ઉપયોગી બને છે. મંગળ ગ્રહની વક્રી અસ્તની અને શત્રુ ગ્રહોની વચ્ચે પાપ કર્તરીયોગમાં હોય ત્યારે પણ પરવાળું ઉપયોગી થઈ પડે છે. જમાના હાથની અનામિકા અથવા તર્જની આંગળી માં પહેરવામાં આવે છે. વાર-મંગળવાર. અનુરાધા, ધનિષ્ઠા, ચિત્ર અને મૃદ્યશીર્ષ નક્ષત્રમાં પહેરાય છે. સોના માં કે ચાંદી માં પહેરાય છે.

જેમ્સ એન્ડ ક્રિસ્ટલ

હિતેશ પટેલ

-hits8483@gmail.com

પ્રાર્થનાની શક્તિ

નિષ્કપટ મનથી કરવામાં આવેલ પ્રાર્થના ક્યારેય વ્યર્થ જતી નથી.જીવનપથ ઉપર જ્યારે પરીણામ અમારી આશાથી ઉલ્ટુ આવે છે અને અમારા હાથમાં કશું જ ન હોય તે સમયે પ્રભુ પરમાત્માને કરેલ પ્રાર્થના અમારી આશાના દિપકને પ્રદિપ્ત રાખે છે.પ્રાર્થનાના માટે એક મંદિરનું હોવું જરૂરી નથી પરંતુ એક સ્વચ્છ મન હોવું જરૂરી છે.

પ્રસંગસાર

સુમિત્રાબેન નિરંકારી

જીવનમાં હંમેશાં પરીણામ અમે વિચારીએ છીએ તેવું આવતું નથી.કોઇપણ કર્મનું પરીણામ મનુષ્યના હાથમાં હોતું નથી પરંતુ પ્રાર્થના અમારા હાથમાં હોય છે.પ્રાર્થના વ્યક્તિના આત્મબળને મજબૂત કરે છે અને પ્રાર્થનાની શક્તિથી તે વ્યક્તિ ગમે તેવી પરિસ્થિતિમાં અને જ્યારે તેને લાગે છે કે હવે હાર સુનિશ્ચિત છે તેવા સમયે અટલ રહે છે.

પ્રાર્થનામાં એક અદ્રશ્ય શક્તિ હોય છે.આપ પ્રાર્થના કરતાં શિખો.જ્યારે ઘોર નિરાશાના વાદળો આપની ચારો તરફ મંડરાઇ રહ્યા હોય છે ત્યારે પ્રાર્થના અમોને આશાવાન બનાવીને પુરી શક્તિની સાથે આગળ વધવાનું શિખવે છે.

ભક્તો પરહિતના માટે ફક્ત પ્રાર્થના જ નથી કરતા પરંતુ પ્રયત્નો પણ કરે છે.પ્રાર્થનાની સાથે તેના અનુરૂપ કર્મ આવશ્યક છે.